# પાઠ - ૨૦ ઈસુ ખ્રિસ્ત કોણ છે ?

**યાદ રાખો :** *"બેશક સતધર્મનો મર્મ મોટો છે. દેવ મનુષ્ય સ્વરૂપમાં પ્રગટ થયો. આત્મામાં ન્યાયી ઠરાવાયો, દૂતોના દીઠામાં આવ્યો, તેની વાત વિદેશીઓમાં પ્રગટ થઈ, તેના પર જગતમાં વિશ્વાસ કરવામાં આવ્યો અને તેને મહિમામાં ઉપર લેવામાં આવ્યો." (૧ તિમોથી ૩ : ૧૬)*

**પ્રસ્તાવના :** *આખા ઈતિહાસ દરમિયાન ઈસુખ્રિસ્ત ચર્ચાસ્પદ વ્યક્તિ રહ્યા છે. એ કારણથી નહિ કે તેમણે શું શીખવ્યું અને શું કર્યું, પરંતુ એ કારણથી કે તે કોણ હતા. ઈસુ માત્ર માણસ નહોતા. તે માત્ર માણસ કરતાં કંઈક વિશેષ હતા. કારણ કે વચનો આપણને પ્રગટ કરે છે કે ઈસુ ખ્રિસ્ત આપણા માટે ઈશ્વર દેહમાં પ્રગટ થયા હતા. આ પ્રગટીકરણનું મહત્વ અવગણી ના શકાય. કારણ કે આપણું તારણ આપણે તે કોણ હતા અને છે તે સંદેશા પર વિશ્વાસ કરીએ છીએ કે નહિ તે પર આધાર રાખે છે.*

*આ પ્રકરણની રચના તમને વચનો શોધવા પ્રેરીને ઈસુ ખ્રિસ્તની વ્યક્તિ તરીકેની વધુ સારી રીતે સમજણ આપવા કરવામાં આવી છે. "શાસ્ત્ર તપાસી જુઓ, અને મારે વિષે શાહેદી આપનાર તે એ જ છે." (યોહાન ૫ : ૩૯)*

## દૈવી પ્રગટીકરણ

*(૧) શું જગત પોતાના જ્ઞાન વડે ઈશ્વર કોણ છે તે સમજી શકે ? (૧ કરિંથી ૧ : ૨૧) .......................*

*(૨) પિત્તરે કેવી રીતે જાણ્યું કે ઈસુ તે જ ખ્રિસ્ત (મસિહા) હતા ? (માત્થી ૧૬ : ૧૩, ૧૬ : ૧૭)*

.............................................................

## દેવત્વની સમજણ

**ઈશ્વર એક છે.**

*(૧) રોમન ૧ : ૨૦ પ્રમાણે ઈશ્વરનો દૈવી સ્વભાવ ના સમજાય માટે શું કોઈ બહાનું છે ? .......................*

*(૨) "હે ઈસ્રાએલ સાંભળ, યહોવા આપણો દેવ તે ....................... જ યહોવા છે." (પુનર્નિયમ ૬ : ૪)*

*(૩) શું અશુધ્ધ આત્માઓ માને છે કે એક જ ઈશ્વર છે ? (યાકૂબ ૨ : ૧૯) .......................*

*(૪) શું સ્વર્ગમાં તેમના સિવાય બીજો કોઈ ઈશ્વર છે ? (પુનર્નિયમ ૪ : ૩૫) .......................*

*(૫) એફેસી ૪ : ૫-૬ કહે છે કે એક ......................., એક ......................., એક ......................., એક ....................... અને એક .......................*

**ઈશ્વર આત્મા છે.**

*ઈશ્વર આત્મા છે અને તે દૈવી આત્મા છે.*

સર્વજ્ઞાની : સઘળું જાણનાર, અનંતઃ હંમેશા અસ્તિત્વ ધરાવનાર, સર્વશક્તિમાન : સહુથી શક્તિશાળી, અચળઃ કદી ન બદલનાર.

(૧) યોહન ૪ : ૨૪ આપણને કહે છે, "ઈશ્વર ...................... છે."

(૨) શું કોઈ માણસે ક્યારેય ઈશ્વરને જોયા છે ? (યોહાન ૧ : ૧૮) ......................

(૩) તેઓ જેવા છે એવા જો તમારે ઈશ્વરને જોવા હોય તો, શું થશે ? (નિર્ગમન ૩૩ : ૨૦)

..............................................................................

ઈશ્વર અદશ્ય આત્મા છે. કોઈ માણસ ઈશ્વરને તેમના સ્વર્ગીય રૂપમાં જોઈ શકે નહિ તે પોતાને માત્ર દુન્યવી દશ્યમાન સ્વરૂપમાં પ્રગટ કરી શકે. રખેને આપણે મૃત્યુ પામીએ નવા કરારમાં, લોકોએ ઈશ્વરની પ્રતિમા અથવા ઈશ્વરની વ્યક્તિ જોઈ. તે પ્રતિમા કોણ હતી ? (કલોસી ૧ : ૧૪-૧૫, હિબ્રૂ ૧ : ૨-૩)

..............................................................................

(૪) ઈશ્વરના આત્મા કેટલાં છે ? (એફેસી ૪ : ૪)

૧ કરિંથી ૧૨ :૧૩ ..........................................

૨ કરિંથી ૩ : ૧૭ પ્રમાણે, તે આત્મા કોણ છે ? ..........................................

(૫) ઈશ્વર આત્મા કહેવાય છે. કારણ કે તે એક શરીર અથવા એક જગ્યાના બંધનમાં નથી, પરંતુ આકાશ અને પૃથ્વીને ભરે છે.

શું આપણે ઈશ્વરની હાજરીમાંથી ક્યારેય નાસી જઈ શકીએ ? (ગીતશાસ્ત્ર ૧૩૯ : ૭-૯)

## ઈશ્વરપિતા તરીકે ઈસુખ્રિસ્તમાં પ્રગટ થયા

(૧) "આદિએ ......................આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા." (ઉત્પત્તિ ૧ : ૧)

(૨) શું ઈશ્વરસાથે કોઈ હતું જ્યારે તેમણે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યા ? ......................

શું ઈશ્વરે પોતે જગત ઉત્પન્ન કર્યું ? ..........................................

(યશાયા ૪૪ : ૨૪, ૪૫ : ૧૮, નહેમ્યા ૯ : ૬)

(૩) "શું આપણ સર્વનાં ...................... જ પિતા નથી ? શું ...................... જ ઈશ્વરે આપણને ઉત્પન્ન કર્યા નથી." (માલાખી ૨ : ૧૦)

(૪) ઈસુ જગતમાં હતા અને જગત કોના દ્વારા ઉતપન્ન થયું હતું ? (યોહાન ૧ : ૧૦) ......................

વચનો પ્રગટ કરે છે કે ઈશ્વરે જગત ઉત્પન્ન કર્યું અને તે જગત ઈસુએ ઉત્પન્ન કર્યું. આપણે જાણીએ છીએ કે આપણાં બે ઉત્પન્નકર્તા નથી પરંતુ માત્ર એ તારણ પર આવી શકીએ કે ઈશ્વર ઉત્પતિના પિતા ઈસુ ખ્રિસ્તમાં હતા.

(૫) ખ્રિસ્તમાં કોણ હતું જેમણે પોતાની સાથે જગતનું સમાધાન કરાવ્યું ? (૨ કરિંથી ૫ : ૧૯)

.....................................................................

(૬) ખ્રિસ્તમાં કોણ હતું જે કાર્યો કરતું હતું ? (યોહાન ૧૪ : ૧૦) ........................................

(૭) આપણે કોને જોઈએ છીએ જ્યારે આપણે ઈસુને જોઈએ છીએ ? (યોહાન ૧૪ : ૯)

.....................................................................

(૮) "હું તથા બાપ .......................................... છીએ." (યોહાન ૧૦ : ૩૦, ૩૨-૩૩)

(૯) યોહાન ૮ : ૧૮-૨૪ વાંચો કલમ - ૨૪ માં ઈસુએ કહ્યું,

"…. હું તે છું, એવો જો તમે વિશ્વાસ નહિ કરો, તો તમે તમારાં પાપમાં મરશો." જ્યારે તેમણે કહ્યું "હું તે છું" ત્યારે (યોહાન ૮ : ૨૭)

## ઈશ્વરપુત્ર તરીકે ઈસુખ્રિસ્તમાં પ્રગટ થયા.

(૧) "કેમકે આપણે સારું છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે…. અને તેને અદ્‌ભુત મંત્રી

......................., ......................., .......................,

...................... ને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે." (યશાયા ૯ : ૬)

(૨) "જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે અને તેનું નામ તેઓ ઈમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે ......................................................." (માત્થી ૧ : ૨૩, યશાયા ૭ : ૧૪)

(૩) "…. બેશક સતધર્મનો મર્મ મોટો છે. ....................... ....................... પુત્રમાં પ્રગટ થયો. …" (૧ તિમોથી ૩ : ૧૬)

(૪) કોણે આપણે સારું પોતાનો પ્રાણ આપ્યો ? (૧ યોહાન ૩ : ૧૬) ........................................

(૫) માલાખી ૩ : ૧ અને યશાયા ૪૦ : ૩ માં ઈશ્વર વાત કરે છે અને કહે છે કે તે દૂત (યોહાન બાપ્તિસ્ત) ને ...................... આગળ માર્ગ તૈયાર કરવા સારુ મોકલશે,

યોહાને કોના માટે માર્ગ તૈયાર કર્યો ? (યોહાન ૧ : ૨૯) .......................

(૬) યહોવા કહે છે "…. અને ....................... જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ જોશે…" (ઝખાર્યા ૧૨ : ૧૦)

એ કોણ છે જેને વીંધ્યો છે અને જે વાદળા સહિત આવે છે ? (પ્રકટીકરણ ૧ : ૭) ..........................

(૭) યોહાન ૧૨ : ૪૫ માં ઈસુએ કહ્યુ, "જે મને જુએ છે તે જેણે મને મોકલ્યો છે તેને જુએ છે." ઈસુને કોણે મોકલ્યા ? (ગલાતી ૪ : ૪)

.....................................................................................

# ઈશ્વર પવિત્ર આત્મા તરીકે ઈસુખ્રિસ્તમાં પ્રગટ થયાં.

(૧) ઈસુ સ્વર્ગમાં ચડી ગયા એ પહેલા, તેમણે તેમના શિષ્યોને કહ્યું કે તેમના સ્થાને સંબોધક આવશે. સંબોધક કોણ છે ? (યોહાન ૧૪ : ૧૮) ..........................................

(૨) શું મર્મ છે જે યુગોથી ગુપ્ત રાખવામાં આવ્યો છે ? (કલોસી ૧ : ૨૬-૨૭)

..............................................................

(૩) કોણ આપણામાં વસવાટ કરે છે ? (૧ યોહાન ૩ : ૨૩-૨૪)

..............................................................

(૪) કોણ આપણામાં જીવે છે ? (ગલાતી ૨ : ૨૦)

..............................................................

પવિત્ર આત્મા, પુત્રનો આત્મા અને પિતાનો આત્મા સમાનાર્થી છે. (એક સમાન અર્થ ધરાવે છે.)

**ટીપ્પણી :-**

જો કે ઈશ્વરપિતા તરીકે બધી વસ્તુઓનાં ઉદ્‌ગમસ્થાન તથા પુત્રમાં આપણા તારણહાર તથા વિશ્વાસીના હૃદયમાં પવિત્ર આત્મા તરીકે પ્રગટ થાય છે. તે તેમને ત્રણ અનંત ઈશ્વર બનાવતા નથી. તે માત્ર એક સાચા ઈશ્વરના તારણ સાધવા માટેના જુદા જુદા કાર્યો તથા પ્રગટીકરણો પ્રગટ કરે છે.

**ઈશ્વરના નામો :-**

(૧) નિર્ગમન ૬ : ૩ સુધી એવું ન હતું કે ઈશ્વર ...................... તરીકે જાણીતા હતા.

યહોવાનો અર્થ "પોતે અસ્તિત્વ ધરાવનાર" યહોવા ચાર હિબ્રૂ અક્ષરો YHVH ઉપરથી આવે છે અને મૂળ જૂના કરારના લખાણોમાં દરેક વખતે જ્યારે YHVH નો ઉપયોગ થયો છે. ત્યારે આપણા બાઈબલોમાં તેનો અનુવાદ ક્યાં તો યહોવા અથવા દેવ થયો છે. કેટલીક વખત ઈશ્વરના ચારિત્ર્યનો ભાગ વર્ણવવા YHVH ને પ્રત્યય લગાડવામાં આવતો હતો.

યહોવા - સિડકેનું - "યહોવા આપણું ન્યાયીપણું"

યહોવા - કાદેશ - "યહોવા જે પવિત્ર કરે છે."

યહોવા - શાલોમ - "યહોવા શાંતિ છે."

યહોવા - શામ્માહ - "યહોવા ત્યાં છે."

યહોવા - રાફે - "યહોવા સાજા કરે છે."

યહોવા - યિરેહ - "યહોવાનો પુરવઠો જોવામાં આવશે."

યહોવા - નિસ્સી - "યહોવા મારો વિજય"

યહોવા - રોહી - "યહોવા મારો પાળક"

(૨) પરંતુ અંતે, ઈશ્વરના નામ ...................... જ હશે. (ઝખાર્યા ૧૪ : ૯)

(૩) નવા કરારમાં દૂત યુસફની આગળ પ્રગટ થયો અને જે બાળક મરિયમને જનમવાનું હતું તેનું નામ ...................... પાડવા તેને કહ્યું. (માત્થી ૧ : ૨૦-૨૧)

શા માટે તેનું નામ ઈસુ પાડ્યું ? .............................................

(૪) જીસસ એ ગ્રીક નામ છે, જ્યારે તેનો હિબ્રૂમાં તેનો અનુવાદ કરવામાં આવે ત્યારે તે યહોશુઆ છે. યહોશુઆનો અર્થ "ઈશ્વર મારું તારણ છે." (યહોવા - તારણહાર)

શું ઈશ્વરના પોતાના સિવાય બીજો કોઈ તારણહાર છે ? (યશાયા ૪૩ : ૧૦-૧૧)

...............................................................................................

(૫) ફિલીપી ૨ : ૯-૧૧ વાંચો

ઈસુનું નામ સર્વનામો કરતાં ...................... છે.

પાઉલે કહ્યું, " ...................... ને ...................... સર્વ ઘૂંટણે પડીને નમે... અને ......................, ...................... કહે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે."

યશાયા ૪૫ : ૨૧-૨૩ માં શું યહોવાએ પણ પોતા વિષે આ જ કહ્યું છે ? ......................

(૬) શું આપણે બીજા કોઈ નામ દ્વરા તારણ પામી શકીએ ? (પ્રે.કૃ.૪ : ૧૨) ......................

(૭) યોહાન ૫ : ૪૩ પ્રમાણે શું પિતાનું નામ ઈસુ છે ? ......................, ......................

(૮) યોહાન ૧૪ : ૨૬ પ્રમાણે શું પવિત્ર આત્માનું નામ ઈસુ છે ? ..........................................

(૯) ઈશ્વર (પિતા, પુત્ર અને પવિત્ર આત્મા) ના ત્રણ પ્રક્ટીકરણોનું નામ શું છે ?

(માત્થી ૨૮ : ૧૯, પ્રે.કૃ. ૨ : ૩૮)

..............................................................................

ઈસુખ્રિસ્તના બે સ્વભાવ

ઈસુનો કેટલીક વખત ઈશ્વર માણસ તરીકે નિર્દેશ થાય છે. કારણ કે તે સંપૂર્ણપણે ઈશ્વર હતાં અને તે સંપૂર્ણપણે માણસ પણ હતા. ઈશ્વર તરીકે યોહાન ૧૦ : ૩૦ માં તેમણે કહ્યું, "હું તથા બાપ એક છીએ." તેમ છતાં માણસ તરીકે તેમણે કહ્યું, "મારા કરતાં બાપ મોટા છે." (યોહાન ૧૪ : ૨૮)

નીચેના દરેક સંદર્ભ પછી, ઈસુએ માણસ તરીકે કરેલી બાબતો વર્ણવો.

માત્થી ૧ : ૨૩-૨૫ .........................................

માત્થી ૨૧ : ૧૭-૧૮ .........................................

યોહાન ૪ : ૬-૭ .........................................

યોહાન ૧૧ : ૩૨-૩૫ .........................................

*યોહાન ૧૯ : ૩-૩૩* ..............................................

*નીચેના દરેક સંદર્ભ પછી ઈસુએ ઈશ્વર તરીકે કરેલી બાબતો વર્ણવો.*

*માર્ક ૪ : ૩૭-૪૧* ..............................................

*યોહાન ૧૪ : ૬* ..............................................

*માર્ક ૨ : ૫ - ૭* ..............................................

*લુક ૯ : ૧૨ - ૧૭* ..............................................

*લુક ૨૪ : ૧ - ૬* ..............................................

*યહોવાના અને ઈસુના કેટલાક શીર્ષકો અને સરખામણી નીચેની કલમોમાં યહોવાને આપેલા શીર્ષકો વર્ણવો.*

*(૧) ઉત્પતિ ૧૭ : ૧* ..............................................

*(૨) નિર્ગમન ૩ : ૧૪-૧૬* ..............................................

*(૩) યશાયા ૪૪ : ૬* ..............................................

*નીચેની કલમોમાં ઈસુને આપેલા શીર્ષકો વર્ણવો*

*(૧) પ્રકટીકરણ ૧ : ૮* ..............................................

*(૨) યોહાન ૮ : ૫૮* ..............................................

*(૩) પ્રક્ટીકરણ ૧ : ૧૧* ..............................................

## ઈસુ બેથલેહેમ પહેલા અસ્તિત્વ ધરાવતાં હતા

(૧) *નિર્ગમન ૩ : ૧૪ માં ઈશ્વર પોતાને કયા નામ દ્વારા ઓળખાવે છે ?* ......................................

(૨) *યોહાન ૮ : ૫૮ માં ઈસુએ યહુદીઓને કહ્યું, "ઈબ્રાહીમનો જન્મ થયા પહેલાનો, ......................., .......................*"

(૩) *મીખાહે ભવિષ્યવાણી કરી હતી કે બેથલેહેમમાં થી એક અધિકારી આવશે જેનો પ્રારંભ ....................... થી ....................... થી છે. (મીખાહ ૫ : ૨)*

*બેથલેહેમમાં કોણ જન્મ્યું ? (માત્થી ૨ : ૧)*

..............................................

# અઘરા પ્રશ્નના ઉત્તરો

જેઓ માને છે કે પિતા, પુત્ર અને પવિત્ર આત્મા જુદી વ્યક્તિઓ છે. તેમના દ્વારા ગૂંચવણભર્યા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

આ રહ્યા એમાના કેટલાક પ્રશ્નો.....

(૧) કોણે ઈસુ ખ્રિસ્તના જીવનનું સમર્પણ કર્યું ?

(અ) યોહાન ૩ : ૧૬ ...............................................

(બ) યોહાન ૧૦ : ૧૧ ...............................................

(ક) તિતસ ૨ : ૧૩-૧૪ ...............................................

(૨) કોણે ઈસુને મૃત્યુમાંથી સજીવન કર્યા ?

(અ) હિબ્રૂ ૧૩ : ૨૦ ...............................................

(બ) રોમન ૬ : ૪ ...............................................

(ક) યોહાન ૨ : ૧૯ ...............................................

(ડ) રોમન ૮ : ૧૧ ...............................................

(૩) કોણ આપણામાં છે ?

(અ) પ્રે.કૃ. ૨ : ૩૮ ...............................................

(બ) કલોસી ૧ : ૨૭ ...............................................

(ક) એફેસી ૪ : ૬ ...............................................

## સારાંશ

પ્રેરિત યોહાન દ્વારા લખાયેલા બાઈબલના છેલ્લા પુસ્તકમાં ઈસુ ખ્રિસ્તના પ્રક્ટીકરણનો સમાવેશ થાય છે. "પ્રક્ટીકરણ" શબ્દનો અર્થ છે પડદો ઉઘાડવો. પડદો જેણે ઈસુ ખ્રિસ્તની ઓળખ છુપાવી રાખી હતી. તે તેમનો દેહ હતો. "તેણે આપણે સારુ પડદામાં થઈને, એટલે પોતાના શરીરમાં થઈને, એક નવો તથા જીવતો માર્ગ ઉઘાડ્યો છે..."(હિબ્રૂ ૧૦ : ૧૯) જ્યારે ઈસુ બીજી વખત પાછા આવશે ત્યારે આખી પૃથ્વી ઈશ્વરના જ્ઞાનથી ભરપૂર થશે. તે ફરી વખત સહન કરનાર તારણહાર તરીકે નહિ આવે, પરંતુ રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે આવશે. ઝખાર્યા ૧૪ : ૯ સ્પષ્ટપણે જણાવે છે કે, તે દિવસે યહોવા એક જ મનાશે, ને તેનું નામ એક જ હશે. દરેક જાણશે કે તે ઈશ્વર છે અને તે દિવસે દરેક તેમનું નામ જાણશે. "આકાશમાં કોણ ચઢ્યો અને પાછો ઉતર્યો ? કોણે પવનને પોતાની મુઠ્ઠીમાં સમેટી લીધો છે ? કોણે પોતાના વસ્ત્રમાં પાણી બાંધી લીધા છે ?" પૃથ્વીની સર્વ સીમાઓ કોણે સ્થાપી છે ? જો તું જાણતો હોય તો કહે તેનું નામ શું છે ? અને તેના દીકરાનું નામ શું છે ? (નીતિવચનો ૩૦ : ૪)

*“....અને તેનુ નામ ઈસુ પાડશે....” (માત્થી : ૨૧)*

# ઉત્તરો

**દૈવી પ્રકટીકરણ**

*(૧) ના*

*(૨) આકાશમાં બાપે તેને તે પ્રગટ કર્યું.*

**ઈશ્વર એક છે.**

*(૧) ના*

*(૨) એકલો*

*(૩) હા*

*(૪) ના*

*(૫) પ્રભુ, વિશ્વાસ, બાપ્તિસ્મા, દેવ, બાપ*

**ઈશ્વર આત્મા છે.**

*(૧) આત્મા*

*(૨) ના*

*(૩) તમે મૃત્યુ પામશો, ઈસુ ખ્રિસ્ત*

*(૪) એક, ઈશ્વર*

*(૫) ના*

**ઈશ્વર પિતા તરીકે ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ થયા**

*(૧) દેવે*

*(૨) ના, હા*

*(૩) એક, એક*

*(૪) ઈસુ*

*(૫) દેવ*

*(૬) પિતા*

*(૭) પિતા*

*(૮) એક*

*(૯) પિતા*

**ઈશ્વર પુત્ર તરીકે ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ થયા**

(૧) *પરાક્રમી દેવ, સનાતન પિતા*

(૨) *દેવ આપણી સાથે*

(૩) *ઈશ્વર, મનુષ્યસ્વરૂપ*

(૪) *ઈશ્વરે*

(૫) *તેમની, ઈસુખ્રિસ્ત*

(૬) *મને, ઈસુખ્રિસ્ત*

(૭) *ઈશ્વરે*

**ઈશ્વર પવિત્ર આત્મા તરીકે ઈસુખ્રિસ્તમાં પ્રગટ થયા**

(૧) *ઈસુ*

(૨) *તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે.*

(૩) *ઈશ્વર (ઈસુ ખ્રિસ્ત) નો આત્મા*

૪) *ખ્રિસ્ત*

*ઈશ્વરના નામો*

(૧) *યહોવા*

(૨) *એક*

(૩) *ઈસુ, એ માટે કે તે પોતાના લોકોને તેઓના પાપથી તારશે.*

(૪) *ના*

(૫) *શ્રેષ્ઠ, ઈસુ, નામે, દરેક જીભ કબૂલ, હા*

(૬) *ના*

(૭) *હા*

(૮) *હા*

(૯) *ઈસુ*

**ઈસુખ્રિસ્તના બે સ્વભાવ**

*માણસ તરીકે, જન્મ્યા, ભૂખ્યા થયા, થાક્યા, તરસ્યા થયા, રડ્યા, મૃત્યુ પામ્યા.*

**ઈશ્વર તરીકે**

*પવનને શાંત કર્યો*

*માર્ગ - સત્ય - જીવન છે.*

........પાપોની માફી આપી.

લોકોના ટોળાંને ખવડાવ્યું.

મૃત્યુમાંથી સજીવન થયા.

**યહોવાના અને ઈસુના કેટલાંક શીર્ષકોની સરખામણી**

(૧) સર્વસમર્થ

(૨) હું છું.

(૩) આદિ તથા અંત (પ્રથમ તથા છેલ્લો)

(૧) સર્વસમર્થ

(૨) હું છું.

(૩) આલ્ફા તથા ઓમેગા (પ્રથમ તથા છેલ્લો)

**ઈસુ બેથલેહેમ પહેલા અસ્તિત્વ ધરાવતા હતા.**

(૧) હું છું.

(૨) હું છું.

(૩) પુરાતનકાળ, અનાદિકાળ, ઈસુ

**અઘરા પ્રશ્નોના ઉત્તરો**

(૧) (અ) દેવે

(બ) ઈસુએ

(ક) ઈશ્વરે, ઈસુખ્રિસ્તે

(૨) (અ) ઈશ્વરે

(બ) પિતાએ

(ક) ઈસુએ

(ડ) ઈશ્વરના આત્માએ

(૩) (અ) પવિત્ર આત્મા

(બ) ખ્રિસ્ત

(ક) ઈશ્વર, પિતા